**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૫ ઑગષ્ટ ૨૦૧૧**

## તારાપૂર અણૂઉર્જા પ્રકલ્પ પીડિતો ને ભાડા પેટે રૂ.૨૦ લાખ મળશે

**મુંબઈ,ગુરૂવાર :** તારાપૂર અણૂઉર્જા પ્રકલ્પમાંના ૧૬૩ કુટુંબોને ઘરભાડા પેટે રૂ. ૨૦ લાખ ૩૭ હજાર આપવાનો હુકમ મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તી શ્રીમતી રંજના દેસાઈ અને ન્યાયમૂર્તી શ્રી રણજીત મોરે ની ખંડપીઠે આજે આપ્યો છે. તારાપૂર અણૂઉર્જા પ્રકલ્પ ના પ્રકલ્પ પીડિતો ની રીટ યાચિકામાં પ્રકલ્પ પીડિતો વતી ઍડ.રાજીવ દેસાઈ અને માજી પેટ્રોલીયમ પ્રધાન શ્રી રામ નાઈકે પક્ષ રજૂ કર્યો હતો અને ન્યુકિલયર પાવર કૉર્પોરેશન વતી ઍડ. રાજેશ કુમાર અને ઍડ.એલ.એ.મુનીમ અને મહારાષ્ટ્ર સરકાર વતી ઍડ.નીતીન દેશપાંડે પક્ષ રજુ કર્યા હતા.

આ બાબતે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે " તારાપૂર પ્રકલ્પ ૩ અને ૪ માંથી ૧૦૮૦ મૅગાવૉટ વીજ ઉત્પાદન થયે ૫ વર્ષ પૂરા થયા હોવા છતાંયે પ્રકલ્પપીડિતોના અનેક પ્રશ્નો હાલ સૂધી રખડી રહ્યાં છે. તેમાંનો એક વિષય હતો : પર્યાયી મકાનો બાંધી આપવા સૂધી દરેક કુટુંબને ઘર ભાડા પેટે ૨,૫૦૦ દર મહિને આપવા, તેમાંથી ઑગષ્ટ ૨૦૦૬ સૂધી ૧૬૩ કુટુંબોને ભાડૂ આપવામાં આવેલ નથી. કુલ બાકી લેણી રકમ ૨૦લાખ ૩૭ હજાર હતી. આ પ્રકરણે ન્યુકિલયર પાવર કૉર્પોરેશન અને મહારાષ્ટ્ર સરકાર એકબીજા પર જવાબદારી નાખતા હતા. પરિણામે પ્રકલ્પગ્રસ્તોની હાલાકી વધતી હતી. ઉચ્ચ ન્યાયાલય માં સર્વેએ પક્ષ રજૂ કર્યા બાદ મહારાષ્ટ્ર સરકારે ત્રણ અઠવાડિયામાં ભાડૂ ચૂકવવું તેમજ આ જવાબદારી કોની તે બંન્નેએ ચર્ચા કરી નકકી કરવું. તેમાં એકમત ન થયા તો ન્યાયાલય હૂકમ આપશે એમ ખંડપીઠે કહ્યું હતું."

રિટ યાચિકામાંની બીજી મુખ્ય માગણી માછીમારોના પુનર્વસન ની હતી. માછીમારોને માછીમારી માટે દરિયા કાંઠે જગ્યા આપવાનું માન્ય કરી છ વર્ષ પૂરાં થયા હોવા છતાંયે તેમને હજૂ સૂધી જગ્યા આપવામાં આવી નથી. રહેવામાટે આપવામાં આવેલી જગ્યા દરિયાકાંઠાથી ૧૦ કિલોમીટર દૂર છે. તેથી માછીમારોનો વેપાર ડૂબી ગયો હોઈ તેઓ અક્ષરશઃ ભૂખે મરી રહ્યાં છે, તેવું શ્રી રામ નાઈકે ખંડપીઠને કહ્યું હતું. ખંડપીઠે આગામી સુનાવણી વેળાં માછીમારોના પ્રશ્ન પર વિચારીશું તેમ આશ્વાસન આપ્યું હતું. આગામી સુનાવણી ૮ સપ્ટેંબર ના છે.

**કાર્યાલય સચિવ**